# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૩૧ તા.૮-૧-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- બીટ તેમજ ઝોન કક્ષાની 'સોનાબા શાહ' વક્તૃત્વ સ્પર્ધા યોજવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે,અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને રોટરી કલબ,અમદાવાદ મેટ્રોના સંયુકત ઉપક્રમે **'સોનાબા શાહ'**વક્તૃત્વ સ્પર્ધાનો શાળા કક્ષાનો પ્રથમ રાઉન્ડ સ્કૂલ બોર્ડ પરિપત્ર નં.૪૨/તા.૩૧-૭-૧૪ અનુસાર તા.૧૧-૮-૧૪ ના રોજ સંપન્ન થયેલ છે.

બીટ કક્ષાની 'સોનાબા શાહ' વક્તૃત્વ સ્પર્ધા તા.૧૯-૧-૧૫ને સોમવારના રોજ સવારે ૮-૩૦ કલાકે નીચે દર્શાવેલ સ્થળે યોજવામાં આવેલ છે. શાળા કક્ષાએ પ્રથમ અને દ્વિતીય ક્રમે વિજેતા થનાર વિદ્યાર્થીઓએ બીટ કક્ષાની વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે. વક્તૃત્વ સ્પર્ધાના વિષય તથા અન્ય નિયમો તથા સુચના પરિપત્ર નં.૪૨/તા.૩૧-૭-૧૪ મુજબ રહેશે.

શાળા કક્ષાની સ્પર્ધામાં પ્રથમ અને દ્વિતીય ક્રમે વિજેતા થનાર વિદ્યાર્થીઓની સાથે એક શિક્ષક બીટ કક્ષાની સ્પર્ધાના સ્થળે સમયસર ઉપસ્થિત રહે તેવી વ્યવસ્થા મુખ્ય શિક્ષકશ્રીએ કરવાની રહેશે.

**બીટ કક્ષાની વકતૃત્વ સ્પર્ધાનું આયોજન**

| ઝોન | બીટ સુપરવાઈઝરશ્રીનું નામ | સ્પર્ધાનું સ્થળ |
|---|---|---|
| પૂર્વ | શ્રી નૂતનબેન રાજપૂત | અમરાઈવાડી શા.નં.૭ |
| | શ્રી ગોવિંદભાઈ પરમાર | રાજપુર શા નં.૧૧ |
| | શ્રી કિશનસિંહ રાઠોડ | અંબિકાનગર શા.નં.૧ |
| પશ્ચિમ | શ્રી દિપીકાબેન બ્રહ્મભટ્ટ | ઉસ્માનપુરા શા.નં.૨ |
| | શ્રી દિપીકાબેન બ્રહ્મભટ્ટ | ઉસ્માનપુરા શા.નં.૨ |
| | શ્રી રાધાબહેન યાદવ | મહાત્માગાંધી શા નં.૧ |
| ઉત્તર | શ્રી હસમુખભાઈ પટેલ | નરોડા શા.નં.૧ |
| | શ્રી જયદેશ દુબે | સરસપુર શા.નં.૩ |
| | શ્રી દિલીપભાઈ શાહુ | હાંસોલ શા.નં.૧ |

| ઝોન | બીટ સુપરવાઈઝરશ્રીનું નામ | સ્પર્ધાનું સ્થળ |
|---|---|---|
| દક્ષિણ | શ્રી દિનેશભાઈ કુશવાહ | મણિનગર શા નં.૬ |
| | શ્રી પ્રજ્ઞાબેન પંડયા | બહેરામપુરા શા નં.૧૧ |
| | શ્રી સ્નેહલબેન મોદી | કાંકરિયા શા.નં.૬ |
| હિન્દી | શ્રી બી.ડી.મિશ્રા | બાપુનગર હિ શા નં.૧ |
| | શ્રી ગીતાબેન મહેતા | નવા વાડજ હિ શા નં.૧ |
| ઉર્દૂ | શ્રી સકીનાબેન છુવારા | જમાલપુર ઉ શા નં.૪ |
| | શ્રી નિઝામુદ્દીન શેખ | રાજપુર ઉ શા નં.૧ |

બીટકક્ષાની સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા થનાર વિદ્યાર્થીને તા.૨૩-૧-૧૫ને શુક્રવારના રોજ સવારના ૯-૦૦ કલાકે ઝોન કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવડાવવાનો રહેશે. ઝોન કક્ષાની સ્પર્ધા નીચે જણાવેલ સ્થળે યોજાશે માટે મુખ્ય શિક્ષકશ્રીએ વિજેતા વિદ્યાર્થીઓની સાથે એક શિક્ષક સ્પર્ધાના સ્થળે સમયસર ઉપસ્થિત રહે તેની વ્યવસ્થા કરવાની રહેશે. શહેર કક્ષાની સ્પર્ધાની તારીખ, સ્થળ અને સમયની જાણ હવે પછીથી કરવામાં આવશે.

| ઝોન | આસિ.એ.ઓ.શ્રીનું નામ | સ્થળ |
|---|---|---|
| પૂર્વ | ડૉ.અશ્વિનભાઈ ત્રિવેદી | ખોખરા શા.૨ |
| દક્ષિણ | શ્રી દિનેશભાઈ દેસાઈ | કાંકરિયા શા.૬ |
| પશ્ચિમ | શ્રી નલિનીબેન પોપટાણી | એલિસબ્રીજ શા.૨ |

| ઝોન | આસિ.એ.ઓ.શ્રીનું નામ | સ્થળ |
|---|---|---|
| ઉત્તર | ડૉ.અશ્વિનભાઈ ત્રિવેદી | ઠક્કરબાપાનગર શા.૧ |
| ઉર્દૂ | ડૉ.સત્યેન્દ્રસિંહ ઠાકુર | જમાલપુર ઉ.શા.૪ |
| હિન્દી | ડૉ.સત્યેન્દ્રસિંહ ઠાકુર | નવાવાડજ હિ.શા.૧ |

તા.૮-૧-૧૫

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
અમદાવાદ

પરિપત્ર નં.૧૩૨ તા.૮-૧-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- ટોરેન્ટ પાવર દ્વારા સર્વે કરવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે, ટોરેન્ટ પાવર લિ.,અમદાવાદ સંસ્થા દ્વારા આપણી શાળાઓમાં અને આંગણવાડીનાં વર્ગખંડોમાં લાઈટ, પંખા, ટયુબલાઈટ વગેરેનાં સર્વે માટે જે કોઈ કર્મચારી કે અધિકારી આવે તેને પુરતો સહકાર આપવા આથી જણાવવામાં આવે છે. આ અંગેની સૂચના શાળાના પગી તથા સિકયુરીટીને પણ આપશો.

તા.૮-૧-૧૫

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
અમદાવાદ

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૧૩૩ તા.૮-૧-૧૫**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- સને ૨૦૧૫-૧૬ના વર્ષ દરમ્યાન નિવૃત્ત થનાર કર્મચારીઓની વિગત તૈયાર કરી મોકલવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાનાં આચાર્ય ભાઈ-બહેનોને ઉપરોકત વિષય બાબતમાં જણાવવાનું છે કે તમારી શાળાનાં કર્મચારીઓ પૈકી સને ૨૦૧૫/૧૬માં નિવૃત્ત થનાર કમચારીઓની વિગત નીચે આપેલ નમૂના મુજબના આડાપત્રકમાં બે નકલમાં તેયાર કરી એક નકલ તમારી ઝોન ઓફિસમાં અને બીજી નકલ પેન્શન વિભાગ એલિસબ્રીજ શા.૧૦માં રૂબરૂમાં મળે તે રીતે મોકલી આપવી.

આ વિગત મોકલવા સબંધી નીચે મુજબની સુચનાઓ/બાબતો અચુક ધ્યાનમાં રાખવી.

૧ તમારી શાળાનાં માહે ડિસેમ્બર-૧૪ ના ઝોન ઓફિસમાં મોકલવામા આવતા કોમ્પ્યુટર ડેટા-માહિતી પત્રક તેમજ પગારબીલનાં આધારે શિડયુઅલ પોસ્ટના તમામ કર્મચારીઓ પૈકી જેઓ આગામી વર્ષમાં એટલે કે સને ૨૦૧૫-૧૬ ના વર્ષ દરમ્યાન (તા.૧-૪-૧૫ થી તા.૩૧-૩-૧૬) વયમર્યાદા પૂર્ણ થતાં નિવૃત્ત થવાને પાત્ર છે. તેવા કર્મચારીઓની વિગત ફુલસ્કેપ કાગળમાં બે નકલમાં તૈયાર કરવાની છે.

૨ ટીચીંગ સ્ટાફ કર્મચારીઓ પૈકી આચાર્યશ્રી, આ.શિ.સંગીત શિક્ષક, પૂ.પ્રા.શિક્ષક, ઘડીયાળ વર્ગ, રેકઝીન વર્ગના શિક્ષક, સંચાલક કે જેમની જન્મ તારીખ ૧-૪-૫૭ થી તા.૩૧-૩-૫૮ સુધીમાં આવતી હોય તેઓની નિવૃત્તિ વયમર્યાદા ૫૮ વર્ષની ઉમર તા.૧-૪-૧૫ થી તા.૩૧-૩-૧૬ સુધીમાં પુરી થશે. તેથી તેઓ સને ૨૦૧૫-૧૬ માં નિવૃત્ત થવાને પાત્ર થશે.

૩ ચોથા વર્ગના કર્મચારીઓ પૈકી પગી, પા.પા. તેડાગર, ઘડીયાળવર્ગ- રેકઝીન વર્ગના પા.પા. પટાવાળા તેમજ ઓફિસ સ્ટાફના પટાવાળા કે જેમની જન્મ તા. ૧-૪-૫૫ થી તા.૩૧-૩-૫૬ હોય તેઓની નિવૃત્તિ વયમર્યાદા ૬૦ વર્ષની ઉંમર તા.૧-૪-૧૫ થી તા.૩૧-૩-૧૬ સુધીમાં પુરી થશે. તેઓ સને ૨૦૧૫-૧૬માં નિવૃત્ત થવાને પાત્ર બનશે.

૪ અ.નં.૨ અને ૩માં જણાવેલ સમયગાળા દરમ્યાન જન્મેલા અને નિવૃત્ત થવાને પાત્ર એવા કર્મચારીઓની વિગત મોકલવાની છે.

૫ જે શાળામાંથી કોઈ કર્મચારી નિવૃત્ત થતા ન હોય તો પણ આડુ પત્રક બનાવી **''અત્રેની શાળામાંથી કોઈ કર્મચારી નિવૃત્ત થતા નથી.''** તે મતલબનું લાલ અક્ષરમાં પત્રકમાં સર્ટી આપી પત્રક અવશ્ય મોકલવાનું છે.

૬ જે શાળામાંથી કર્મચારી નિવૃત્ત થતા હોય તેમની વિગત આડાપત્રકમાં દર્શાવી નીચે મુજબનું સર્ટી. આપી પત્રક મોકલવાનું છે. ''આડાપત્રકમાં જણાવેલ ઉપરોકત નિવૃત્ત થતા કર્મચારીઓ સિવાયના બીજા કોઈ કર્મચારીઓ નિવૃત્ત થતા નથી. તેની ખાત્રી કરી ચોકસાઈપૂર્વક યાદી બનાવવામાં આવી છે.''

૭ તમારી શાળાના કોઈપણ નિવૃત્ત થતા કર્મચારીની વિગત મોકલવાની રહી ન જાય તેની ખાસ કાળજી રાખવી, કોઈ કેસમાં શંકા અગર ભૂલ જણાય તો સબંધિત ઝોન, ઓફિસે રૂબરૂ જઈ સર્વિસબુક ઉપરથી ચકાસણી કરી લેવી.

૮ ઘણી શાળાઓની માહિતી ખોટી આવે છે.સમજણ ના પડે તો રૂબરૂ ઝોન ઓફિસ કે પેન્શન વિભાગનો સંપર્ક કરવો.

૯ આ વિગત - માહિતી જાણકાર કર્મચારી સાથે રૂબરૂ મોકલવી બીટ પટાવાળા ભાઈઓ સાથે મોકલવી નહીં.

૧૦ આડાપત્રક સાથે નિવૃત્ત થતા કર્મચારીની પગારસ્લીપની ઝેરોક્ષ આચાર્યશ્રીના સહી-સિકકા સાથે પ્રમાણિત કરી સામેલ કરવી. આ પત્રક મોડામાં મોડું ૧૫-જાન્યુઆરી -૨૦૧૫ સુધીમાં પેન્શન વિભાગ,એલિસબ્રીજ શા.૧૦, સબંધિત ઝોન ઓફિસમાં મોકલી આપવાની તકેદારી રાખવી. જે શાળામાં આચાર્ય ના હોય ત્યાં શાળાના પ્રથમ આસિ.શિક્ષકે ચોકસાઈપૂર્વક આડુપત્રક બનાવી મોકલી આપવાનું રહેશે. પરિપત્ર વાંચી સમજી અને તે મુજબ અમલ કરવો.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ



**નિવૃત્ત થતા કર્મચારીની વિગત દર્શાવતું નમુનાનું આડુપત્રક :-**

પરિપત્ર નં...... તા. મુજબ સને ૨૦૧૫/૧૬ના સમય દરમ્યાન એટલે કે તા.૧-૪-૧૫થી તા.૩૧-૩-૧૬ સુધીમાં નિવૃત્ત થવાને પાત્ર કર્મચારીઓની વિગત :-

શાળાનું નામ :-............. ડિપાર્ટમેન્ટ નંબર :-............. પૂ.પ્રા.વર્ગ :-............. ઝોન નં......

| ક્રમ | શાળાનું નામ | ડિપોર્ટમેન્ટ નંબર | નિવૃત્ત થનાર કર્મચારીનું નામ | એમ્પલોઈ નંબર | જન્મ તારીખ | જે તે માસની આખરે નિવૃત્તિ તારીખ | પેન્શન કે પ્રો. ફંડ | જી.પી.એફ. નંબર |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | |

પ્રમાણપત્ર

આથી સર્ટી. આપવામાં આવે છે કે અત્રેની શાળાના શીડયુઅલ પોસ્ટ પરના તમામ કર્મચારીઓના પગારબીલ તેમજ કોમ્પ્યુટર પગાર સ્લીપ ઉપરથી ડીપાર્ટમેન્ટ નંબર-એમ્પ્લોઈ નંબર જી.પી.ફંડ નંબરની ચકાસણી કરવામાં આવે છે.

આડાપત્રકમાં જણાવેલ ઉપરોકત નિવૃત્ત થતાં કર્મચારીઓ સિવાયના બીજા કોઈ કર્મચારીઓ નિવૃત્ત થતા નથી. તેની ખાત્રી કરી ચોકસાઈપૂર્વક યાદી બનાવવામાં આવી છે.

આચાર્યશ્રીનો સહી/સિકકો

............. શાળા નં.....

નકલ રવાના :-

(૧) પેન્શન વિભાગ એલિસબ્રીજ શા.૧૦

(૨) ઝોન નં. ............

તા.૮-૧-૧૫

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
અમદાવાદ